BOCHASANWASI SHRI AKSHARPURUSHOTTAM
SWAMINARAYAN SANSTHA
PUBLIC TRUST REG. NO. A/2500/AMDDAVAD.
H.O.: SHRI AKSHARPURUSHOTTAM SWAMINARAYAN CENTER, SHAHIBAUG, AMDAVAD-380 004.

TEL.: (91-79) 2562 5476
FAX : (91-79) 2562 5012
WEBSITE : www.swaminarayan.org
Email : info@swaminarayan.org

તંત્રીશ્રી,

# પ્રેસ રીલીઝ

તા. ૧૭-૧૨-૨૦૦૭

## પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૮૭માં જન્મોત્સવની ઉજવણી સાથે અમદાવાદ ખાતે પૂર્ણ થયેલ B.A.P.S. સંસ્થાનો શતાબ્દી મહોત્સવ.

## ચાર દિવસના મહોત્સવમાં દેશ-વિદેશનાં લાખો આબાલ-વૃદ્ધ શતાબ્દી મહોત્સવની ઐતિહાસિક તવારીખનાં સાક્ષી બની કૃતાર્થ થયા.

## ભારતીય સંસ્કૃતિના અજોડ સ્મારક 'સ્વામિનારાયણ અક્ષરધામ' દિલ્હીને 'The Largest comprehensive Hindu Temple in the World.' (વિશ્વના સૌથી મોટા સર્વાંગ પરિપૂર્ણ મંદિર)ના દરજ્જા સાથે ગિનેસ બુકમાં સ્થાન આપી સન્માનિત કરતું ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ.

## ૩૭ વર્ષમાં ૭૧૩ મંદિરોનું નિર્માણ કરવા બદલ ગિનેસ બુક ઓફ રેકોર્ડસ માં સ્થાન આપીને પ્રમુખસ્વામી મહારાજને તેનું પ્રમાણપત્ર આપવા રૂબરૂ આવેલા માઈકલ વ્હીટી

**અમદાવાદ : તા. ૧૭-૧૨-૨૦૦૭**

અમદાવાદને આંગણે છેલ્લા ચાર દિવસથી ચાલતો બોચાસણવાસી શ્રી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનો શતાબ્દી મહોત્સવ અનેકવિધ રચનાત્મક - પ્રેરણાત્મક કાર્યક્રમો અને ઉચ્ચ માનવમૂલ્યોનાં સંદેશ સાથે અને પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના ૮૭મા જન્મોત્સવની ઉજવણી સાથે પૂર્ણ થયો હતો.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં સાંનિધ્યમાં B.A.P.S. શતાબ્દી ઉત્સવે પ્રારંભે - યુવાદિન - મહિલાદિન અને ત્યારબાદ બાલદિનના અનેકવિધ સમાજોદ્ધારક મૂલ્યોનાં કાર્યક્રમો દ્વારા પ્રેરણા મેળવી લાખો લોકો કૃતાર્થ થયા હતા. મહોત્સવની પૂર્ણાહુતિ આજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ૮૭મા જન્મજયંતી મહોત્સવની ઉજવણી સાથે કરવામાં આવી હતી.

મહોત્સવની ૩૦૦ એકરની વિશાળ ભૂમિ પર અભૂતપૂર્વ માનવ મહેરામણ ઊમટ્યો હતો. પોતાના આધ્યાત્મિક તેજથી, સેવામય જીવનથી કરોડો લોકોનાં જીવનમાં અજવાળાં ફેલાવનાર આ વિશ્વવંદનીય સંતને વધાવવા લાખોની ભક્તમેદની ઊમટી પડી હતી.

સતત ત્રણ કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમે આબાલવૃદ્ધ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ અદ્‌ભૂત કાર્યક્રમના કેન્દ્રમાં પ્રમુખસ્વામી મહારાજનું જીવનસૂત્ર - "બીજાના ભલામાં આપણું ભલું છે." એ મુખ્ય સૂર બની રહ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતથી શ્રોતાગણ જાણે ભાવસમાધિમાં ડૂબી ગયો હતો. ૫૦ સંતો દ્વારા પ્રસ્તુત વૈદિકમંત્રોના ગાને સનાતન એવા અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતને પ્રસ્તુત કર્યો હતો. કાર્યક્રમના પ્રથમ ભાગમાં B.A.P.S. સંસ્થાના બે ગુરુવર્યો બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને વીડિયો, ડ્રામા તથા સંસ્થાના વિદ્વાન અને વડીલ સંત એવા પૂ. વિવેકસાગર સ્વામીના પ્રવચન દ્વારા ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પોતાનું સમગ્ર આયખું અન્યને કાજે સમર્પિત કરનાર એવા પ્રમુખસ્વામી મહારાજના પાવન સ્પર્શે નવજીવન પામેલા અસંખ્ય લોકોમાંથી કેટલાકની હૃદયઅનુભૂતિ પણ તેમના જ શબ્દોમાં રજૂ થઈ હતી.

એક આદિવાસી ભાઈના ઉકેલી ન શકાય તેવા હસ્તાક્ષરમાં લખાયેલા પત્રને પણ દૂર વિદેશથી વિગતો મેળવી તેના પાણી પંપનો પ્રશ્ન ઉકેલી મદદ કરનાર પ્રમુખસ્વામી મહારાજની વિશાળ જીવનભાવના રજૂ થઈ. ટાઝાનિયાના સુભાષ પટેલે પ્રમુખસ્વામી મહારાજે પોતાના કરેલાં જીવન પરિવર્તનની વાત કરી. એક અકસ્માતમાં પોતાના પગ ગુમાવી બેઠેલા ન્યૂયોર્કના હરિ ભટ્ટે કઈ રીતે પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ પ્રેમ અને પ્રોત્સાહને તેમના જીવનમાં આશાનું સિંચન કર્યું તેની વાત કરતાં જણાવ્યું કે પ્રમુખસ્વામી સમા સ્વજનની હૂંફ દ્વારા તેઓ હાલ માત્ર ડૉક્ટર જ નહીં પરંતુ અચ્છા લેખક, સંગીતકાર પણ બન્યાં છે. સાથે સાથે ૨૦૦૮ માં ચીનમાં યોજાનાર 'પેરાઓલિમ્પિક' માટે પણ તેઓ પસંદગી પામ્યા છે.

આ જ રીતે નેધરલેન્ડના હનકોપ હોય કે કચ્છના વસંત પટેલ, બહારિનના જસબિરસિંહ સહાની હોય કે ત્યાંની

ઈન્ટરનેશનલ હોસ્પિટલના ડિરેક્ટર ડૉ. ફૈઝલ ઝીરા હોય, સૌ કોઈની પ્રમુખસ્વામી મહારાજ સાથેની દિવ્ય અનુભૂતિની વાત તેમના જ શબ્દોમાં રજૂ થઈ. કેન્યાના મંત્રી જોસેફ મટુરિયાએ કઈ રીતે પ્રમુખસ્વામી મહારાજના સંપર્કે તેમનું દારૂનું વ્યસન છૂટ્યું તેની વાત કરી.

યુગસર્જક એવા પ્રમુખસ્વામી મહારાજના નૈતિક, સામાજિક, આધ્યાત્મિક ક્ષેત્રે થયેલા કાર્યોમાં શિરમોડ સમા ગાંધીનગર અને ત્યારબાદ દિલ્હીમાં યમુનાતટે નિર્મિત 'સ્વામિનારાયણ અક્ષરધામ' સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મના અદ્વિતીય સંદેશવાહકો તરીકે કરોડો લોકોના દિલમાં વસી ચૂક્યા છે. વિશ્વસ્તરે પ્રસિદ્ધ એવાં આ સ્મારકોની સાથે સાથે દેશ વિદેશમાં પ્રમુખસ્વામી મહારાજે સર્જેલા ચમત્કૃતિ સમા મંદિરો લાખો લોકોને દિવ્ય પ્રેરણાઓથી સભર કરી રહ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજનાં આવા મહાનકાર્યોથી પ્રભાવિત ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસના પ્રતિનિધિરૂપે શ્રી માઈકલ વ્હિટી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 'ગિનેસ વર્લ્ડ રેકોર્ડસ'ની મેનેજીંગ કમિટિ તરફથી તેમણે બે સન્માનપત્ર પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કર્યા હતા.

સૌથી પહેલું સન્માનપત્ર પ્રમુખસ્વામી મહારાજને સમગ્ર વિશ્વમાં ૭૧૩ જેટલાં મંદિરોના વિક્રમી સર્જન બદલ 'ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ'માં સ્થાન આપીને તેનું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું.

જ્યારે " The Largest comprehensive Hindu Temple in the World." (વિશ્વના સૌથી મોટા સર્વાંગ પરિપૂર્ણ મંદિર) તરીકે 'સ્વામિનારાયણ અક્ષરધામ' દિલ્હીને ઘોષિત કરી તેનો પણ ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સમાવેશ કરીને તેનું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું, એક જ સંસ્થાને આમ બુકમાં બે રેકોર્ડસમાં સ્થાન મળે અને ખુદ ગિનેસ વર્લ્ડ રેકોર્ડસની મેનેજીંગ કમિટિના મેમ્બર જાતે પ્રમાણપત્ર અર્પણ કરવા આવે તે એક અભૂતપૂર્વ ઘટના છે.

આ ઐતિહાસિક વેળાએ ઉપસ્થિત સૌનાં મસ્તક ગૌરવથી ઉન્નત બન્યાં હતાં.

કાર્યક્રમનો મધ્યભાગ તથા અંતિમભાગ સૌને પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને કાર્યની ઝાંખી કરાવી રહ્યો હતો. અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતને ઉજાગર કરતા વેદો પરના સંસ્કૃત ભાષ્યનું પ્રમુખસ્વામીના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સ્થિતપ્રજ્ઞતાની ઉચ્ચ ભૂમિકાએ બિરાજતા એવા પ્રમુખસ્વામી મહારાજ ગમે તેવા કઠિન સંજોગોમાં પણ કેવી રીતે પોતે સ્વસ્થ રહી, બીજાને સ્વસ્થ રાખી શકે છે તેનું દર્શન આનંદસ્વરૂપ સ્વામીએ કરાવ્યું. ગાંધીનગર અક્ષરધામ પર થયેલા આતંકવાદી હુમલા વખતે પ્રમુખસ્વામીએ દાખવેલા અદ્‌ભૂત ધૈર્ય અને સહિષ્ણુતાની ઝાંખી તેમણે કરાવી. અસંખ્ય માન-સન્માનોની વચ્ચે પણ સ્વામીશ્રીના નિર્માનીપણાને ઉજાગર કરતા પ્રસંગ પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ વર્ણવ્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજની સાદગી અને આધ્યાત્મિકતાથી અત્યંત પ્રભાવિત થયેલા ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની હૃદયાનુભૂતિ વીડિયો દ્વારા પ્રસ્તુત થઈ. પોતાની સઘળી સિદ્ધિઓનો યશ ભગવાનને ચરણે અર્પણ કરતા પ્રમુખસ્વામી મહારાજના ભગવાનમાં દૃઢ વિશ્વાસ અને ભગવાનમાં સર્વકર્તાના સદા અનુસંધાન જેવા ગુણો પર સંસ્થાના વડીલ, વિદ્વાન સંત પૂ. ડૉક્ટરસ્વામીએ પ્રકાશ પાડ્યો હતો. ભગવાનની દિવ્ય શક્તિઓના અખંડ ધારક એવા પ્રમુખસ્વામી મહારાજના પવિત્ર વ્યક્તિત્વની ઝાંખી સંસ્થાના અન્ય વડીલ અને વિદ્વાન સંત પૂ. મહંતસ્વામીએ કરાવી હતી.

ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યક્તિત્વ અને કાર્યને બાળકો તથા યુવાનોએ એક અદ્‌ભૂત નૃત્ય દ્વારા અંજલિ અર્પી. નૃત્ય બાદ સમગ્ર B.A.P.S. સંસ્થા તરફથી ઉપસ્થિત વડીલ સંતોએ પ્રાર્થના રજૂ કરી હતી.

આશીર્વાદ બાદ ઉપસ્થિત લગભગ ચાર લાખથી અધિક ભક્તમેદની દ્વારા સમૂહ આરતી શરૂ થઈ ત્યારે એક અવિસ્મરણીય માહોલ જાણે ખડો થયો હતો. B.A.P.S. સંસ્થાના ભવ્ય શતાબ્દી મહોત્સવની પૂર્ણાહૂતિ જ્યારે આ કાર્યક્રમ સાથે થઈ ત્યારે આતશબાજી સાથે આકાશ ઝળહળ થઈ ઊઠ્યું હતું. સમગ્ર મહોત્સવ દરમ્યાન ૧૪૦૦૦ સ્વયંસેવકોએ સેવા બજાવી હતી.

ત્રણ કલાક ચાલેલા આ કાર્યક્રમના અંતમાં પ્રમુખસ્વામી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું, '' ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી પર અનંત જીવનો કલ્યાણને અર્થે પધાર્યા હતા. તેનો સંકલ્પ હતો કે કરોડો મનવારો ભરાય એટલા જીવોનું કલ્યાણ કરવું છે. આવા શુભ સંકલપની પૂર્તિ માટે તેઓ એવા ગુણાતીત સંતને પણ પૃથ્વી પર લાવ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજનું સર્વોપરીપણું પ્રવર્તાવ્યું. ભગતજી મહારાજે પણ સહજાનંદ એક પરમેશ્વર અને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તેવા ગુણાતીત જ્ઞાનની છડેચોક વાતો કરી. આ સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજ તથા ત્યારબાદ યોગીજી મહારાજના અપાર દાખડાથી આ સત્સંગની વૃદ્ધિ થઈ છે. ગામડે - ગામડે ફરીને અનેક સંઘર્ષો વેઠીને તેમણે આ સત્સંગનો વિકાસ કર્યો છે. આજે હજારો સંતો હરિભક્તોના પુરુષાર્થથી આ સંસ્થા આજે વિકાસ પામી રહી છે. આપણે સૌ સંસ્થાની સેવા કરી શકીએ, સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપીએ, તેવી બળ-બુદ્ધિ-શક્તિ સૌને મળે એ ભગવાનના ચરણોમાં પ્રાર્થના... ''

.............

નોંધ : જન્મોત્સવના ફોટોગ્રાફ્સ માટે આપના ઈમેઈલ પર મોકલેલ છે.